દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજનામાં ધો-૧ થી ૭ના બદલે ધોરણ-૧ થી ૮ સુધી ભણતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ.૧૦૦૦/- શિષ્યવૃત્તિ ચુકવવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

ઠરાવ ક્રમાંક-અપગ/૧૦/૨૦૧૭/૩૫૫૬૧૧/ઓ/૪૦૬/છ.૧

સચિવાલય, ગાંધીનગર

તા.૧૦/૦૯/૨૦૨૦.

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ અને મજૂર વિભાગનો તા.૦૯/૦૭/૧૯૬૫નો ઠરાવ નં.ઈ.ડી.ડી.૧૨૬૪-૪૭૬૩૨-છ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૧/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:- અપગ/૧૦૨૦૦૬/ન.બા.૧૬(૧)/છ.૧

(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૧/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:- અપગ/૧૦૨૦૦૬/ન.બા.૧૬(૨)/છ.૧

(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૧/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:- અપગ/૧૦૨૦૦૬/ન.બા.૧૬(૩)/છ.૧

(૫) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૧/૧૨/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૧૫/૭૬૬૩૭૫/છ.૧

(૬) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૭/૧૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૧૮/૭૦૪૭૬૨/છ.૧

(૭) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૨૩/૦૭/૨૦૧૮નો પત્ર ન.અપગ/વિક.શિષ્ય./૧૮-૧૯/૩૦૭.

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૦૯/૦૭/૧૯૬૫ના ઠરાવથી દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૪) પરના વિભાગના તા.૦૧/૧૧/૨૦૦૬ના ઠરાવો અન્વયે ધોરણ-૧થી ૭માં અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ.૧૦૦૦/- અને ધોરણ-૮ થી ઉચ્ચ અભ્યાસ માટે વાર્ષિક રૂ.૧૫૦૦/- થી રૂ.૫૦૦૦/- સુધી શિષ્યવૃત્તિ ચુકવવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક (૫) પરના વિભાગના તા.૧૧/૧૨/૨૦૧૫ના ઠરાવથી આ યોજનામાં વિદ્યાર્થીના વાલીની આવકમર્યાદા નાબુદ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૬) પરના વિભાગના તા.૨૭/૧૨/૨૦૧૯ના ઠરાવથી **The Rights of Persons with Disabilities Act, 2016** મુજબ આ યોજના બાબતે ૨૧ પ્રકારની દિવ્યાંગતાની ટકાવારી અને શ્રેણી નક્કી કરવામાં આવેલ છે.

ધોરણ-૮ ને માધ્યમિકના બદલે પ્રાથમિક ગણવા શિક્ષણ વિભાગ દ્વારા નિર્ણય લેવાયેલ હોઈ, દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજનામાં ધો-૧ થી ૭ના બદલે ધોરણ-૧ થી ૮ સુધી દિવ્યાંગ વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ.૧૦૦૦/- શિષ્યવૃત્તિ ચુકવવા બાબતે વંચાણે લીધેલ ક્રમાંક (૭) પરના તા.૨૩/૦૭/૨૦૧૮ના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર દ્વારા તા.૨૩/૦૭/૨૦૧૮ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજનામાં ધો-૧ થી ૭ના બદલે ધોરણ-૧ થી ૮ સુધી ભણતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ.૧૦૦૦/- શિષ્યવૃત્તિ ચુકવવા બાબતે, "આ ફેરફારનો અમલ નવા શરૂ થનાર શૈક્ષણિક સત્રથી કરવાનો રહેશે" એ શરતને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે, જે મુજબ દિવ્યાંગ શિષ્યવૃત્તિ ચુકવવા બાબતે સુધારેલ કોષ્ઠક નીચે મુજબ છે.

| ક્રમ | અભ્યાસની વિગત | સુધારેલ દર | | |
|---|---|---|---|---|
| | | માસિક | માસ | વાર્ષિક |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| (૧) | ધોરણ ૧ થી ૮ ડે. સ્કોલર માટે | રૂ.૧૦૦/- | ૧૦ | રૂ.૧૦૦૦/- |
| (૨) | ધોરણ ૯ થી ૧૨ અને સમકક્ષ તેમજ આઈ.ટી.આઈ. | | | |
| | ડે. સ્કોલર માટે | રૂ.૧૫૦/- | ૧૦ | રૂ.૧૫૦૦/- |
| | હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થી માટે | રૂ.૨૦૦/- | ૧૦ | રૂ.૨૦૦૦/- |
| | અંધ હોય તો રીડર એલાઉન્સ | રૂ.૧૦૦/- | ૧૦ | રૂ.૧૦૦૦/- |
| (૩) | બી.એ., બી.એસ.સી., બી.કોમ અને સમકક્ષ ડીગ્રી અભ્યાસક્રમો | | | |
| | ડે. સ્કોલર માટે | રૂ.૨૫૦/- | ૧૦ | રૂ.૨૫૦૦/- |
| | હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થી માટે | રૂ.૩૨૫/- | ૧૦ | રૂ.૩૨૫૦/- |
| | અંધ હોય તો રીડર એલાઉન્સ | રૂ.૧૦૦/- | ૧૦ | રૂ.૧૦૦૦/- |
| (૪) | બી.એડ., બી.ઈ., બી.ટેક., એલ.એલ.બી., બી.સી.એ., એમ.બી.બી.એસ. અને સમકક્ષ અભ્યાસક્રમો તેમજ ડીપ્લોમા ઈન પ્રોફેશનલ એન્ડ એન્જીનીયરીંગ સ્ટડી ઈન પ્લાન્ટ ટ્રેનીંગ અને તેને સમકક્ષ | | | |
| | ડે. સ્કોલર માટે | રૂ.૩૦૦/- | ૧૦ | રૂ.૩૦૦૦/- |
| | હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થી માટે | રૂ.૪૦૦/- | ૧૦ | રૂ.૪૦૦૦/- |
| | અંધ હોય તો રીડર એલાઉન્સ | રૂ.૧૦૦/- | ૧૦ | રૂ.૧૦૦૦/- |

| | | | | |
|---|---|---|---|---|
| (૫) | એમ.એસ.સી./એમ.ફીલ/<br>એલ.એલ.એમ.એમ.એડ. | | | |
| | ડે. સ્કોલર માટે | રૂ.૩૦૦/- | ૧૦ | રૂ.૩૦૦૦/- |
| | હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થી માટે | રૂ.૪૦૦/- | ૧૦ | રૂ.૪૦૦૦/- |
| | અંધ હોય તો રીડર એલાઉન્સ | રૂ.૧૦૦/- | ૧૦ | રૂ.૧૦૦૦/- |

આ યોજનાની અન્ય તમામ શરતો / વિગતો યથાવત રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૪/૦૮/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patelDG

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રાથમિક / માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.